# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**


## પરિપત્ર

આથી પીએચ.ડી. પ્રવેશ વર્ષ ૨૦૨૩-૨૪ (દ્વિતિય સત્ર)માં જે પીએચ.ડી. વિદ્યાર્થીઓએ કામચલાઉ પ્રવેશ મેળવેલ છે અને યુનિવર્સિટીના પીએચ.ડી. ફેસીલીટેશન સેન્ટર વિભાગ દ્વારા યોજાયેલ રિસર્ચ મેથડોલોજી કોર્ષ વર્કમાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓનું પરિણામ તા.:૦૪-૦૬-૨૦૨૪નાં રોજ નોટિફિકેશન નંબર :.ડી/ઈ/૧૦/પીએચ.ડી. ફેસીલી/તેમજ રી-ટેસ્ટ વિદ્યાર્થીઓનું પરિણામ તા.:૨૧-૦૬-૨૦૨૪ નાં રોજ નોટિફિકેશન નંબર : ડી/ઈ/૧૦/પીએચ.ડી. ફેસીલી./૧૫૧૯ થી યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ જે - તે સંબંધકર્તા વિભાગો દ્વારા પ્રી પીએચ.ડી. કોર્ષ-૦૨ અને કોર્ષ-૦૩નાં કોર્ષવર્કનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાંથી જે વિદ્યાર્થીઓ ઉપરોક્ત તમામ કોર્ષવર્કમાં ઉતિર્ણ થયા છે, તેઓનું પરિણામ તા.:૧૬-૦૭-૨૦૨૪ નાં રોજ નોટિફિકેશન નંબર : ડી/ઈ/૧૦/પીએચ.ડી. ફેસીલી./૨૨૫૩થી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવેલ છે.

**ઉપરોક્ત બાબતે પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૩-૨૪(દ્વિતિય સત્ર)માં જે વિદ્યાર્થીઓ પ્રવેશ પામી તમામ કોર્ષોમાં ઉર્તિણ થયા છે અને જેઓનું રજીસ્ટ્રેશન બાકી છે, તેવા તમામ વિદ્યાર્થીઓએ તા.: ૨૩-૦૭-૨૦૨૪નાં રોજ સવારે ૦૯.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન એમ.પી.પટેલ ઓડિટોરીઅમ, ફિઝિક્સ વિભાગની બાજુમાં, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર ખાતે પીએચ.ડી. પ્રવેશની રજીસ્ટ્રેશન પ્રક્રિયા તેમજ પ્રવેશ અંગેની જરૂરી ફી ભરવા માટેનીચે જણાવેલ ક્રમ મુજબનાં તમામ અસલ તેમજ નકલ દસ્તાવેજો (લાગુ પડતા તમામ દસ્તાવેજો) સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે. ત્યારબાદ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા થઈ શકશે નહિં જેની સંબંધકર્તા વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.**

| ક્રમ | દસ્તાવેજ | રીમાર્કસ | ક્રમ | દસ્તાવેજ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૦૧ | રજીસ્ટ્રેશન ફોર્મ (એમ.પી.પટેલ ઓડિટોરીઅમ ખાતેથી મળશે) | | ૧૦ | એલિઝિબલ લિસ્ટ ઓફ સ્ટુડન્ટ્સ ફોર કાઉન્સેલિંગની નકલ (યુનિ. વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) | |
| ૦૨ | પ્રોવિઝિનલ એડમિશન લેટર | | ૧૧ | ક્વોલીફાઈડ સ્ટુડન્ટ લિસ્ટ ઓફ નોન એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કેટેગરીની નકલ (યુનિ. વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) | |
| ૦૩ | વિભાગીય કોર્ષવર્ક , યુનિવર્સિટી કોર્ષવર્ક સર્ટીફીકેટ અને રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ (RPE) સર્ટીફીકેટ (એમ.પી.પટેલ ઓડિટોરીઅમ ખાતેથી મળશે) | | ૧૨ | R.Ph.D. અનુસાર નેટ/સ્લેટ/જે.આર.એફ. તેમજ અન્ય પરીક્ષા પાસ કરેલ હોય તો તેનું સર્ટીફીકેટ | |
| ૦૪ | કોર્ષવર્ક પરિણામની નકલ (યુનિ. વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) | | ૧૩ | એડમિશન ફોર્મની નકલ | |
| ૦૫ | કોર્ષવર્ક માટે એલિજીબલ થયા હોવ તેની નકલ (વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) | | ૧૪ | ધોરણ ૧૦થી અત્યાર સુધીનાં છેલ્લા અભ્યાસક્રમ સુધીની તમામ માર્કશીટો તેમજ લાગુ પડતાં તમામ કેટેગરી સર્ટીફીકેટોની નકલ | |
| ૦૬ | જે તે સંસ્થાનું અસલ એન.ઓ.સી. (પાર્ટ ટાઇમ કરતાં વિદ્યાર્થીઓ માટે) | | ૧૫ | અસલ ગેપ એફીડેવિટ (જો પ્રવેશ સમયે રજૂ કરેલ હોય તો જમા કરાવવાનું રહેશે નહિં.) | |
| ૦૭ | પી.ઈ.સી. ફોર્મ (યુનિ. રૂમ નં. ૧૦૮ ખાતેથી મળશે.) (સ.પ.યુનિવર્સિટી સિવાયનાં વિદ્યાર્થીઓ માટે) | | ૧૬ | માર્ગદર્શક, ડી.આર.એ.સી.ચેરમેનશ્રીનાં સહિ સિક્કા કરેલ રીસર્ચ પ્રપોઝલની ફાઈનલ થયેલ એક નકલ જેમાં દર્શાવેલ રીસર્ચ ટોપીક (ટાઈટલ) જ માન્ય ગણવામાં આવશે. | |
| ૦૮ | ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ (સ.પ.યુનિવર્સિટી સિવાયનાં વિદ્યાર્થીઓ માટે)<br>* ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ સિવાય ફાઈનલ રજીસ્ટ્રેશન થઈ શકશે નહિં જેની ખાસ નોંધ લેવી. | | ૧૭ | પ્રવેશ અંગેની જરૂરી ફી (એમ.પી.પટેલ ઓડિટોરીઅમ ખાતેથી વેરીફીકેશન કાર્યવાહી તેમજ પ્રવેશ કન્ફર્મ થયા બાદ વિદ્યાર્થીએ ઓન લાઈન મોડમાં ફી ભરવાની રહેશે. | |
| ૦૯ | ટ્રાન્સફર સર્ટીફીકેટ (સ.પ.યુનિ.નાં વિદ્યાર્થીઓ માટે,કે જેઓએ આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિભાગ સિવાય સ.પ.યુનિ.ની અન્ય સંસ્થામાં છેલ્લો અનુસ્નાતક પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ) | | ૧૮ | પ્રવેશ અંગેની જરૂરી ફી ઓન લાઈન મોડમાં ભર્યા બાદ એમ.પી.પટેલ ઓડિટોરીઅમ ખાતે ફી રીસીપ્ટ જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ ફાઈનલ રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. | |

ખાસ નોંધઃ ૧) જે વિદ્યાર્થીઓએ તા.: ૨૩-૦૭-૨૦૨૪નાં રોજ પીએચ.ડી. પ્રવેશનાં રજીસ્ટ્રેશન અંગેની પ્રક્રિયા કરેલ છે તેવા તમામ વિદ્યાર્થીઓએ તા.: ૩૦-૦૭-૨૦૨૪નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે એમ.પી.પટેલ ઓડિટોરીઅમ,ફિઝિક્સ વિભાગની બાજુમાં,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતેથી તેઓનું ફાઈનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ફરજીયાત પણે મેળવી લેવાનું રહેશે.

૨) જે વિદ્યાર્થીઓએ તેઓનાં ફાઈલન રજીસ્ટ્રેશન તા.: ૩૦-૦૭-૨૦૨૪નાં રોજ મેળવેલ નહિં હોય તેવા વિદ્યાર્થીઓ માટે ત્યારબાદ આ અંગે કાર્યવાહી કરવામાં આવશે નહિં જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

નંબર : ડી/ઈ/૧૦/૨૨૭૮

તા.: ૧૮-૦૭-૨૦૨૪

વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

પ્રતિ,

૧. સંબંધકર્તા પીએચ.ડી. વિદ્યાર્થીઓ તરફ,

૨. વડાશ્રી, પીએચ.ડી. ફેસીલીટેશન સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તેમજ આગળની ઘટિત કાર્યવાહી અર્થે,

૩. કન્વીનરશ્રી, કોર્ષવર્ક સમિતિ, ડો. એ.એચ. હાસમાની,અનુસ્નાતક મેથેમેટીક્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ,

૪. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.